બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૨

કુલ ગુણ - ૧૦૦

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( | ગુણ : ૧ | | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું.
ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

☞ વિશેષ નોંધ ☜

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા.ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

## (વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, નવમી આવૃત્તિ -ફેબ્રુઆરી, ૨૦૧૩)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''પ્રયત્ન કરો સત્સંગ થશે.'' (૩૩/૯૬)

➯ શાસ્ત્રીજી મહારાજ - મગનભાઈને

➯ જ્યાં દારૂનો પાણીની જેમ ઉપયોગ થતો હતો તેવા ટરોરોમાં સત્સંગનો રંગ ન જોતાં મૂંઝાયેલા મગનભાઈને આશીર્વાદ આપતાં શાસ્ત્રીજી મહારાજ કહે છે.

૨. ''આ અમારા જતિ આવ્યા.'' (૨૫/૭૭)

➯ મહારાજ - હરિભક્તોને

➯ જસદણના ઠાકોર સ્વામિનારાયણના દ્વેષી હોવાથી સુરાખાચરને જસદણ બોલાવી એક વેશ્યા જેવી સ્ત્રીને મોકલી તેમને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો. તેમાંથી પાર ઊતરીને સુરા ભક્ત ગઢડા પહોંચ્યા ત્યારે મહારાજ કહે છે.

૩. ''આનું મહેનતાણું શું આપશો ?'' (૧૧/૨૯)

➯ વેશ્યાબાઈ (ગણિકા) - શ્રીજીમહારાજને.

➯ જેતલપુરમાં યજ્ઞ માટે મહારાજ ઘરોઘર દળવા માટે ઘઉં આપતા હતા. મહારાજ ગણિકાના ઘર પાસે આવ્યા ત્યારે ગણિકા મહારાજને પૂછે છે તમે સૌને ઘઉં દળવા માટે આપો છો ? મહારાજે હા પાડી ત્યારે પૂછે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

**૧. વજુભાઈ નિષ્કામાનંદ બન્યા. (૪/૧૧-૧૩)**

જ. અદ્‌ભુતાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ કલ્યાણદાસ. તેમના લગ્ન પૂર્ણ થવાની તૈયારીમાં હતા તે સમયે ખેપિયા દ્વારા મહારાજનો આજ્ઞાપત્ર આવ્યો જેમાં તેમનું નામ ન હતું પરંતુ કર્મયોગી, સાંખ્યયોગી હરિજન જેનાથી નીકળાય તે સંસારનો ત્યાગ કરીને નીકળજો. અમારું બહુ જ ગમતું છે. અને રાજાનો કુંવર હોય તેને એમ કહેવું જે, 'તમે ઘેર રહો,' એમ છતાં નીકળે તો તેની ઉપાધિ અમો ભોગવીશું.' એમાં છેલ્લે 'આદિ' શબ્દમાં પોતાનું નામ પણ આવી જાય છે. સંબંધીઓ, સાસુ-સસરા વગેરે ખૂબ સમજાવ્યા છતાં પણ મચક આપી નહિ ને મક્કમ રહ્યા. કોઈને મળ્યા વગર સીધા જ લગ્નમંડપમાંથી નીકળીને શ્રીજીના આદેશાનુસાર જેતલપુર રામદાસ સ્વામીને મળીને સીધા ભુજ આવ્યા. મહારાજે તેમને ખપવાળા જાણી મીંઢળ છોડી નાખ્યું અને તરત સાધુદીક્ષા આપી 'અદ્‌ભુતાનંદ' નામ પાડ્યું અને આશીર્વાદ આપ્યા. શ્રીજીની આજ્ઞા થતાં પોતાના વતનના ગામ કડુમાં તથા સસરાના ગામ મેથાણમાં જઈને ભિક્ષા માગી આવ્યા ને આકરી કસોટીમાંથી પસાર થયા. તેમના અદ્‌ભુત કાર્યથી તેમનાં ધર્મપત્ની ખૂબ જ પ્રભાવિત થયા પરંતુ તેમના ભાઈ વજુભાઈ તેમને ઘેર તેડી જવાના આશયથી ગાડું જોડીને વરતાલ આવ્યા.

સ્વામીએ પાંચ દિવસ રોકી વૈરાગ્યની એવી અસરકારક વાતો કરી કે ઘેર ન ગયા અને ત્યાં જ દીક્ષા લીધી. તેમનું નામ 'નિષ્કામાનંદ' પાડ્યું.

**૨. ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ તીર્થો સાથે સંકળાયેલ છે. (૮/૨૨-૨૩)**

જ. ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ તીર્થો સાથે સંકળાયેલ છે. આજે પણ પુરાતન કાળનાં તીર્થો લાખો યાત્રિકોને પ્રેરણા આપી રહ્યાં છે. જેનાં દ્વારા મનુષ્ય પાપાદિકથી મુક્ત થાય છે તેને તીર્થ કહેવાય છે. તીર્થોનું વાતાવરણ પવિત્ર હોય છે. ત્યાં જતાં જ મનમાં, હૃદયમાં શાંતિ અને પવિત્રતાનો અનુભવ થાય છે. તીર્થોનું એવું મહત્ત્વ છે. ત્યાં કઠોરમાં કઠોર માનવી, અરે ! પશુ-પક્ષી વગેરે પણ અહિંસક બની જાય છે. સામાન્યપણે નદી, સરોવર અથવા ભૂમિને તીર્થ શબ્દથી ઓળખાવાય છે. જ્યાં દિવ્યશક્તિ છે. તેનાં સંબંધથી અથવા ત્યાં દર્શન, સ્નાન કરવાથી મનુષ્યનાં જાણે-અજાણે થયેલાં પાપ નષ્ટ થાય છે.

**૩. શાંતિબાએ સુરાખાચરને કહ્યું, "જાઓ મહારાજને અહીં બોલાવી લાવો." (૨૫/૭૪-૭૫)**

જ. લોયા ગામના સુરાખાચર શ્રીજીમહારાજના પરમ સખા. સમગ્ર જીવન સત્સંગપરાયણ કરી દીધું હતું. બોલવામાં કુશળ. સરળ સ્વભાવના. એક વખત સુરાખાચરના ઘરમાં ચોરોએ આવીને બાકોરું પાડી મોટો પટારો ચોરી ગયા. પરંતુ પોતાના અનન્ય ભક્તની અખંડ રક્ષામાં રહેલા શ્રીજીમહારાજે પટારામાં વજન મૂકી દીધું. ચોરો પટારો ગામની ભાગોળથી વધુ દૂર લઈ જઈ શક્યા નહિ. પસાર થતા લોકોએ પટારો જોઈને કહ્યું આ તો સુરાખાચરનો છે. આથી સમાચાર આપ્યા. તેથી પત્ની શાંતિબાને કહ્યું : "આપણો પટારો તો જવાનો જ હતો, પણ શ્રીજીમહારાજની દયાથી પાછો મળ્યો તેથી તેમાંથી અડધી રકમ મહારાજની સેવામાં વાપરવી." આથી પટારો ઘેર આવતાં શાંતિબાએ મહારાજને બોલાવી લાવવા સુરાખાચરને કહ્યું.

**૪. શ્રીજીમહારાજે ઉકાખાચરને છાતીમાં ચરણારવિંદ આપ્યા. (૩/૯-૧૦)**

જ. ગઢપુરમાં પ્રાતઃકાળે હરિભક્તો નિત્યનિયમ મુજબ મહારાજનાં દર્શન કરવા અક્ષર ઓરડીએ જઈ રહ્યા હતા. તે સમયે સર્વની દૃષ્ટિ કૂતરાએ બગાડેલ ઓટા ઉપર પડતી. મહારાજનાં દર્શન જતાં કરીને ફરી સ્નાન કરવું પડે તેવું કાર્ય કોણ કરે ? કોઈને એમ થતું નહિ કે સાફ કરી નાખીએ. શ્રીજીમહારાજે સૌ હરિભક્તોને સન્મુખ બેસાર્યા. થોડી વારે ઉકાખાચર ઉન્મત્ત ગંગામાંથી સ્નાન કરીને મહારાજનાં દર્શન કરવા અક્ષર ઓરડીએ જતા હતા, ત્યાં લીંબતરુ નીચેના ઓટા ઉપર કૂતરાએ મળ કરી ઓટો બગાડ્યો હતો તેની બાજુમાંથી પસાર થતાં તેમની દૃષ્ટિ પડી. કાંઈ પણ બોલ્યા સિવાય સારવણી અને પાણી લઈ ઓટાને સાફ કરી નાખ્યો, ઘેલા નદીમાં જઈને ફરી સ્નાન કર્યું. પછી મહારાજનાં દર્શને પધાર્યા, ત્યારે મહારાજે મોડા આવવાનું કારણ પૂછ્યું. પોતાના આશ્રિત હરિભક્તો પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં જ ઊઠે તેવો મહારાજનો આગ્રહ હતો. એક ભક્તે મોડા આવવાનું કારણ જણાવ્યું 'મહારાજ મોડા આવવા બદલ ઉકાખાચરને ઠપકો આપશે' એવી સૌની ધારણા હતી. પરંતુ મહારાજ આ વાત સાંભળી ખૂબ જ રાજી થયા અને ઊભા થઈ તેમને ભેટી પડ્યા. ઉકાખાચરને છાતીમાં ચરણારવિંદ આપ્યા.

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**૧. કલ્યાણ (૩૧/૯૦-૯૧)**

કલ્યાણ એટલે મોક્ષ અથવા મુક્તિ. મોક્ષ એટલે મોહનો ક્ષય. પરમ એકાંતિક સંતના સેવા-સમાગમથી અનાદિ અજ્ઞાન અને કર્મબંધનમાંથી મુક્ત થઈ, બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનની સેવાના અધિકારી થવું તેનું નામ મુક્તિ અથવા કલ્યાણ. મુક્તિ એટલે પરમપદ અર્થાત્ ભગવાનના અક્ષરધામની પ્રાપ્તિ. શ્રીજીમહારાજે પંચાળા-૧માં કહ્યું છે કે 'પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી ઇન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક અને તેથી વચનામૃતમાં ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે તેમ કહ્યું છે. વચનામૃત સારંગપુરના ૧૧માં પણ દેવલોકને ભગવાનના અક્ષરધામની આગળ મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે. કારણ દેવલોકનાં ભોગસુખ છે તે અક્ષરધામનાં દિવ્યસુખ આગળ નરક તુલ્ય છે. દેવલોકમાંથી પૃથ્વી ઉપર આવી જન્મ મરણનો ચકરાવો રહે છે જ્યારે અક્ષરધામમાંથી પૃથ્વી પર પાછું આવવાનું રહેતું નથી અને ભગવાનના અપાર સુખ અને સેવાની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રોમાં કલ્યાણ અનંત પ્રકારનું કહ્યું છે. પરંતુ આત્યાંતિક કલ્યાણ એ છે કે અક્ષરધામની પ્રાપ્તિ અને પુરુષોત્તમની અખંડ સેવા ને જન્મ-મરણથી છુટકારો. આવું આત્યંતિક કલ્યાણ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ અથવા પરમ એકાંતિક સત્પુરુષ એટલે કે પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતના સંગ થકી જ થાય છે. તેમના સંગે કરીને પુરુષોત્તમના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય અને બ્રહ્મરૂપ થાય ત્યારે જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ આ ચાર ગુણ પરમ એકાંતિક સંતનો સંગ કરીને સિદ્ધ થાય ત્યારે જ આત્યાંતિક કલ્યાણ થાય. વર્તમાન કાળે એવા પરમ એકાંતિક સંત પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ છે, તેમના સંગે કરીને જ આપણું આત્યંતિક કલ્યાણ થાય છે. **અથવા**

**૨. રામબાઈ (૨૪/૭૨-૭૪)**

ગુજરાતમાં મહેમદાવાદ પાસે કઠલાલ ગામનાં વતની બ્રાહ્મણ હરિભક્ત રામબાઈ આખા ગામમાં એકલા જ સત્સંગી હતાં. મહારાજ પ્રત્યે તેમને અનન્ય નિષ્ઠા હતી. તેઓ એક દિવસ કૂવે પાણી ખેંચી રહ્યાં હતાં. તે સમયે શ્રીજીમહારાજ સંતમંડળ સાથે ગામની ભાગોળેથી પસાર થયા. તેઓએ મહારાજ પાસે આવીને વિનંતી કરી કે હે મહારાજ ! આપ ગામમાં પધારી મારું ઘર પાવન કરો. આપનાં પુનિત પગલાંથી ગામમાં સત્સંગ વધશે. મહારાજ કહે, 'અમારે વરતાલ પહોંચવાની ઉતાવળ છે. માટે રાજી થઈને રજા આપો.' મહારાજની મરજી નથી તે જાણી તેઓ કાંઈ બોલ્યા નહિ. પોતાના ઈષ્ટદેવની મરજી પ્રમાણે જે વર્તે તે આદર્શ ભક્ત. તેથી રામબાઈએ માથેથી પાણીનું બેડું ઉતાર્યું. સર્વેને ભાવથી પાણી પાયું અને પછી કહ્યું, 'હે મહારાજ ! 'આ

પાણીના ઘડામાં આપ પગ બોળો.' મહારાજે પૂછ્યું, 'આ પાણીનું તમે શું કરશો ?' રામબાઈએ કહ્યું, 'આ ચરણામૃત થોડું પીશ અને બાકીનું ગામના કૂવામાં નાખીશ. ગામમાં સત્સંગ નથી. તેથી જાણે અજાણે જે આ પાણી પીશે તે સત્સંગી થઈ આપનું ભજન કરશે.' મહારાજ તેમના ભક્તિભાવથી ખુશ થઈ ગયા. પ્રસન્ન થઈને પાણીના ઘડામાં પગ બોળ્યા. રામબાઈએ થોડું પાણી પીને બાકીનું કૂવામાં નાખ્યું. ગામના જે ભાગમાં આ કૂવો છે ત્યાં અત્યારે પણ સત્સંગ જળવાઈ રહ્યો છે.

૩. **સંપ્રદાયનું શાસ્ત્ર શ્રીહરિલીલાકલ્પતરુ (૧૨/૩૬-૩૮)**

શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથની ઉત્પત્તિ ઐતિહાસિક છે. વરતાલ સમૈયે ગુણાતીતાનંદ સ્વામી રઘુવીરજી મહારાજના આસને સભા કરીને બેઠા હતા. વિદ્વાન સંતો, બ્રહ્મચારી પણ સાથે હતા. ત્યારે આચાર્ય રઘુવીરજી મહારાજની ગાદી ઉપર ચંપાનાં ત્રણ પુષ્પ હતાં. રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજની સર્વોપરિતાના પ્રચાર અંગે મર્મ કરતાં કહ્યું : 'કેટલાક આ ફૂલ સુધી પૂગે છે, કેટલાક આ ફૂલ સુધી પૂગે છે પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતું જ નથી.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજું ફૂલ લઈને વિદ્વાન બ્રહ્મચારી અચિત્યાનંદને આપી શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથ લખવાની આજ્ઞા કરી. જે આચાર્ય રઘુવીરજી મહારાજના નામે પ્રસિદ્ધ છે. મહારાજના સર્વોપરીપણાના ચરિત્રોની દિવ્યલીલાનું ગાન આ ગ્રંથમાં કર્યું છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિનો યથાર્થ ઉપદેશ આ ગ્રંથમાંથી મળે છે. મહારાજનું સર્વોપરીપણું લખવામાં કવિ સહેજે અચકાયા નથી. આ ગ્રંથ બાર સ્કંધમાં વહેંચાયેલો છે અને તેમાં ૩૩,૦૦૦ શ્લોકો છે. મહારાજના મનુષ્યભાવ, દિવ્યભાવના લીલાચરિત્રોનું ગાન કરેલું છે. સાથે સાથે ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે તે વાત પણ કરી છે. સાહિત્યક્ષેત્રે બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ પણ માઘની જેમ કૌશલ્ય દાખવ્યું છે. આ ગ્રંથનો છઠ્ઠો સ્કંધ શ્રીજીમહારાજનું હૃદય મનાય છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આ ગ્રંથ છપાવવામાં સહાય કરી આ ગ્રંથનો મહિમા વધાર્યો છે. **અથવા**

૪. **મહિમા (૩૦/૮૮-૯૦)**

શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. તેઓ કર્તા, સદા સાકાર, સર્વોપરી, સર્વજ્ઞ, દિવ્ય અને સદા પ્રગટ છે. સર્વ દોષે રહિત, સર્વ માયિક ગુણે રહિત, નિર્દોષ અને અનંત કલ્યાણકારી ગુણોએ યુક્ત છે. તેઓ અક્ષરબ્રહ્મ, અક્ષરમુક્ત, માયા, ઈશ્વરો અને જીવો એ સર્વથી પર છે. સર્વના અંતર્યામી, સર્વના સ્વામી, સર્વના આધાર અને સર્વને ઉપાસના કરવા યોગ્ય છે. તેમને માયા કે માયાનું કાર્ય લેશમાત્ર અડતું નથી. આવી સ્પષ્ટ સમજણ સાથે દૃઢ નિશ્ચય કરવો તે પુરુષોત્તમ નારાયણનો દૃઢ મહિમા કહેવાય. અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય છે. ગુણાતીતાનંદ સ્વામી અનાદિ મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે. માયા, ઈશ્વરો અને જીવોથી પર છે. સર્વ જગતના કારણ આધાર અને દોષે રહિત છે. મુમુક્ષુઓના માટે ભક્તિનો આદર્શ છે. અક્ષરબ્રહ્મરૂપ થઈએ ત્યારે જ પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવાય અને સેવામાં રહેવાય તેવો મહિમા સમજવો. પોતાને મળ્યું જે પરમ એકાંતિક સંતનું સ્વરૂપ તેમનાં દ્વારા જ મહારાજ પૃથ્વી ઉપર વિચરણ કરી મુમુક્ષુઓને સુખ દઈ કલ્યાણ કરી રહ્યા છે. વર્તમાનકાળે એવા પરમ એકાંતિક ગુણાતીત સંત પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ છે. તેમનામાં નખશિખ મહારાજ સમ્યક્ પ્રકારે રહ્યા છે. તેમનાથી અણુમાત્ર છેટા જતા નથી. તેમનું સ્વરૂપ દિવ્ય, નિર્દોષ અને માયારહિત સમજવું. જે મુમુક્ષુ જીવ તેમને મન, કર્મ, વચને નિર્દોષભાવે સેવે તે જ ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર થઈ બ્રહ્મરૂપ થાય છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનો આવો મહિમા સમજવો. ઉદ્ધવજી ગોપીઓનો જેવો મહિમા સમજતા તેવો મહિમા ભગવાનના ભક્તનો સમજવો. મહિમા સમજવાથી ભગવાનના ભક્ત સાથે વેર ન બંધાય, સમગ્ર સત્સંગ દિવ્ય ભાસે, સંપ, સુહૃદયભાવ એકતાના ભાવે વર્તે, ધર્મમર્યાદા લોપાય નહિ, બીજા કરતાં અધિક વર્તે, ક્યારેય ધર્મમાંથી પડે નહિ, પોતાને કૃતાર્થ અને પૂર્ણકામ માને, મહિમાએ યુક્ત ભક્તિ કરે તે જ ભક્તિ નિર્વિઘ્ન રહે છે.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)** **☞ નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. સંતોનાં પંચવર્તમાન કયા કયા છે ? (૫/૧૪)

જ. સંતોનાં પંચવર્તમાન નિષ્કામ, નિર્લોભ, નિઃસ્નેહ, નિર્માન, નિઃસ્વાદ છે.

૨. કયા બે વચનામૃતમાં શ્રીજીમહારાજે સોમલા ખાચરના વખાણ કર્યા છે ? (૧૦/૨૯)

જ. કા.૬ અને ગ.અં. ૨૪ના વચનામૃતમાં શ્રીજીમહારાજે સોમલા ખાચરના વખાણ કર્યા છે.

૩. નિત્ય તીર્થ કોને કહેવાય ? (૮/૨૨)

જ. સૃષ્ટિના પ્રારંભથી જે ભૂમિમાં દિવ્ય પાવનકારી ગુણો છે તેને યોગે કરીને તે નિત્ય તીર્થ કહેવાય.

૪. શાસ્ત્રીજી મહારાજ સત્સંગીજીવન ગ્રંથમાંથી કયા બે આખ્યાનોનું વિશેષ નિરૂપણ કરતા ? (૧૨/૩૬)

જ. ધરમપુરવાળા કુશળકુંવરબાઈનું અને સુરતના ભાલચંદ્ર શેઠના આખ્યાનનું વિશેષ નિરૂપણ કરતા.

૫. આશ્રમમાં એકાએક પ્રકાશ શાથી ફેલાયો ? (૨૦/૬૧)

જ. સોરઠ દેશમાં કોઈ જીવનમુક્તા પ્રગટ થયા છે તેની વાત વૈરાગીઓ કરતા હતા ત્યારે આશ્રમમાં એકાએક પ્રકાશ ફેલાયો.

૬. શાસ્ત્રીજી મહારાજે લીલાચિંતામણિ અને ધ્યાનચિંતામણિનો શો મહિમા કહ્યો છે ? (૨૧/૬૨)

જ. જે નિત્ય લીલાચિંતામણિ અને ધ્યાનચિંતામણિનું ગાન મહારાજની સ્મૃતિએ સહિત કરે છે તેને ભક્તચિંતામણિનો એક પાઠ કર્યા બરોબર પુણ્ય મળે છે.

**પ્ર.૫** ''નંદ રાજાએ આખી પૃથ્વીનું.......'' (૨૭/૭૮-૮૦) - **સ્વામીની વાત પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**''સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી : નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેળુ કર્યું ને પછી છેલ્લી વારે એમાંથી મોત થયું. ને ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીયું ભેળી કરી ને છેલ્લી વારે તેમાંથી દુઃખ થયું ત્યારે મૂકી. તે માર્ગ જ એવો છે.''**

આ જગતમાં સ્ત્રી અને ધન બેમાં સૌને સુખ જણાય છે. પણ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અહીં બે દૃષ્ટાંત આપી આ જગતનાં સર્વે સુખ નાશવંત છે અને તેમાંથી અંતે દુઃખ જ આવે છે તે સમજાવે છે. નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેગું કરવા વિચાર કર્યો. પછી થયું કે ધન ભેગું કર્યા પછી રાખવું ક્યાં ? તેથી વારાહ ભગવાનને પ્રસન્ન કરી તેમની પાસેથી એક હાડકું મેળવ્યું. તેના પ્રતાપે દરિયામાં માર્ગ થઈ જાય અને દ્રવ્ય બધું જ ત્યાં મૂકી આવે. પોતે રાજા તેથી પ્રજા પાસેથી બધું ધન મેળવી લીધું. રાજાએ ખાતરી કરવા એક દોકડે ઊંટ વેચવા કાઢ્યું. ત્યારે મુસલમાન બાઈના દીકરાએ હઠ પકડી : 'મને ઊંટ અપાવ.' તેની માએ ઘણી ના કહી છતાં ન માન્યો. તેથી બાઈએ ઘોર ખોદાવી તેમાંથી દોકડો કાઢી તેને ઊંટ અપાવ્યું. રાજાને ખબર પડી, તેથી બધી જ ઘોર ખોદાવી ધન લઈ લીધું. નારદજીને આ લોભ ગમ્યો નહિ. તેમણે આવી નંદ રાજાના રાણીને કહ્યું : 'રાજાને જેવું તેમની આગલી રાણી પર હેત છે, એવું તમારા પર નથી.' ત્યારે રાણીએ કહ્યું : 'ના, મારા પર તો અપાર હેત છે.' નારદજીએ ઠાવકાઈથી કહ્યું : 'જો એવું હોય તો આગલી રાણીનું હાડકું શા માટે સાચવીને રાખી મૂકે ?' નારદજીના આ શબ્દથી રાણીના અંતરમાં કાંઈક જિજ્ઞાસા જાગી. તેણે પૂછ્યું : 'ક્યાં હાડકું છે ?' તેમની પાસે જ રાખે છે ! આજે આવે ત્યારે જો જો, નારદજીએ કહ્યું. રાણીને ગળે વાત ઊતરી ગઈ. સાંજે જ્યારે નંદ રાજા આવ્યા, ત્યારે રાણીએ જમવા બેસાર્યા. પછી જઈને અંગરખામાં જોયું તો તેમાં હાડકું જે વારાહ ભગવાને આપેલું તે હતું. તેથી તેને ખાતરી થઈ કે જરૂર આ જ આગલી રાણીનું હાડકું. રાણીએ તે લઈને સળગતા ચૂલામાં નાખી દીધું. બળી રહ્યા પછી નંદ રાજાને વાત કરી કે 'તમને આગલી રાણી પર હેત તેવું મારા પર નથી.' રાજાએ કહ્યું : 'ના, એવું નથી. ઘણું હેત છે. જૂનાને સંભારીને શું કરવાનું.' રાણીએ ચોખવટ કરતાં કહ્યું : 'તો પછી હાડકું શું કામ સંઘરી રાખ્યું છે ? મેં જોયું ને આજ તો ચૂલામાં જ નાખી દીધું.' આ સાંભળી રાજાને આશ્ચર્ય થયું. વિચાર કર્યો, તાગ મળ્યો. ઊઠીને જોયું તો એ જ વારાહ ભગવાને આપેલું હાડકું ચૂલામાં ગયું. તે જાણી અત્યંત દુઃખી થયા. આખા રાજ્યનું દ્રવ્ય ભેળું કર્યું પણ પોતાનેય કામ ન લાગ્યું તેમજ તેમના એક હજાર પુત્રો હતા તેમનેય કામ ન આવ્યું. વધારામાં માનસિક આઘાત અને દુઃખ બંને આવ્યાં. ચિત્રકેતુ રાજાને કરોડ સ્ત્રીઓ હતી તેમાંથી દુઃખ થયું. તે શૂરસેન દેશના ચક્રવર્તી રાજા હતા. તેને કરોડ સ્ત્રીઓ હતી તેમાંથી દુઃખ થયું. તે શૂરસેન દેશના ચક્રવર્તી રાજા હતા. તેને કરોડ સ્ત્રીઓ હતી પણ એક પણ પુત્ર નહિ. એક વાર અંગિરા ઋષિ તેમના ઘરે આવ્યા. સ્વાગત કર્યું. અંગિરા ઋષિ ચિત્રકેતુના આદરભાવથી પ્રસન્ન થયા. યજ્ઞ કરી તેનો શેષ પ્રસાદ તેની સદ્‌ગુણી રાણી કૃતદ્યુતિને આપ્યો. તેથી કૃતદ્યુતિ થકી ચિત્રકેતુને પુત્ર પ્રાપ્તિ થઈ. ચિત્રકેતુ અને કૃતદ્યુતિ આ બાળકની બહુ સંભાવના કરતાં. આથી, બીજી રાણીઓ કૃતદ્યુતિ અને બાળક સાથે દ્વેષ કરવા લાગી. એક વાર જ્યારે કૃતદ્યુતિ હાજર નહોતી, ત્યારે બીજી રાણીઓએ બાળકને ઝેર પાઈ દીધું. બાળકનું મૃત્યુ થયું. માતા-પિતા અત્યંત દુઃખી થયાં. આમ, ચિત્રકેતુ રાજાને જે રાણીઓ સાથે હેત હતું તે સ્ત્રીઓ જ દુઃખરૂપ થઈ. પછી જ્યારે તેનો ત્યાગ કર્યો ત્યારે શાંતિ થઈ. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી આ દૃષ્ટાંત આપી સમજાવે છે કે જે કાંઈ સુખમય જણાય છે તે અંતે દુઃખરૂપ થાય છે. એક ભગવાન જ સુખના સિંધુ છે, જેમાં દુઃખનો લેશ નથી. માટે ભગવાનમાં અને સંતમાં જોડાવું પણ માયિક સુખમાં ક્યાંય લોભાવું નહિ.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ ક્રમમાં લખેલા હોય તો અને જેટલા સાચા હોય તેટલા ગુણ આપવા.**

**વિષય : મછિયાવનાં ફઈબા (૭/૧૭-૧૮) ફક્ત નંબર :-**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૬ | ૧૦ |

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન અડધું સાચું હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીતશું સેવે જયારે;
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે.
પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગુણિકા કપિવૃંદ કોટિ;
વ્રજ તણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી. (૬/૧૬)

૨. સમરું પ્રકટ રૂપ સુખધામ અનુપમ નામને રે લોલ, જેને ભવ-બ્રહ્માદિક દેવ ભજે તજી કામને રે લોલ.
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર પાર કોઈ નવ લહે રે લોલ, જેને શેષ સહસ્ત્રમુખ ગાય નિગમ નેતિ કહે રે લોલ. (૨૧/૬૩)

૩. કેદી દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ; દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ.
દેશો મા દેહ સુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ; દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ. (૨૬/૭૭)

૪. કાલ માયા પુરુષ ! રચત બ્રહ્માંડ બહુ, પરમ પુરુષ ! તવ દૃષ્ટિ પામી;
હોત પાલન પ્રલય તવ ભ્રકુટી ભંગ કરી, જયસિ સર્વેશ્વર ! અહં નમામિ. (૨/૯)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. ઘનશ્યામાય નમ :, ધાર્મિકાય નમ :, ભક્તિનંદનાય નમ : બૃહદ્વ્રતધરાય નમ :, શુદ્ધાય નમ :, રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ, મરુત્સુતપ્રિયાય નમ :, કાલીભૈરવાદ્યતિભીષણાય નમ :।। (૧૫/૪૬)

૨. यन्नामधेयश्रवणानुकीर्तनाद्यत्प्रह्वणाद्यत् स्मरणादपि क्वचित् ।
श्वादोऽपि सद्यः सवनाय कल्पते कथं पुनस्ते भगवन्नु दर्शनात् ॥ (૩૨/૯૨)

૩. **ગુજરાતી ભાષાંતર :** કામાર્ત, ચોર, નટ, વ્યસની અને દ્વેષીજનો પોતાનું ધાર્યું કામ સિદ્ધ કરવા જેમ પોતાનું ચિત્ત હંમેશાં તેમાં પરોવે છે અર્થાત્ તેનું અખંડ ચિંતવન કર્યા જ કરે છે, તેમ 'નારાયણ'નું જે પ્રેમપૂર્વક અખંડ સ્મરણ કરે છે તે શ્રી ભક્તિ તથા ધર્મના પુત્ર ! આપને હું શરણે જાઉં છું. (૯/૨૬)

**(વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી, દશમી આવૃત્તિ, ફેબ્રુઆરી - ૨૦૧૩)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. ''આ જૂનાગઢની ખેંગાર વાવ સોરઠના સત્સંગીઓનાં માથાં વડે ભરવી હોય તો ભરી દઉં.'' (૪૪/૭૨)
➯ ગુણાતીતાનંદ સ્વામી - રઘુવીરજી મહારાજને
➯ રઘુવીરજી મહારાજે સ્વામીને કહ્યું : 'જેને સત્સંગ નથી તે તમારું નામ સાંભળી આટલું અર્પણ કરે છે તો સત્સંગી તમને શું ન અર્પણ કરે ? ત્યારે કહે છે.

૨. ''આપણે જયારે ભેખ લીધો ત્યારે એ વેશ પૂરેપૂરો ભજવવો પણ ભેખને લજવવો નહિ.'' (૩૯/૬૫)
➯ સ્વામી - સંતોને
➯ સ્વામીની આજ્ઞાથી સંતોનાં મંડળો પણ દેશમાં સત્સંગ અર્થે ફરવા જતાં. ત્યારે સ્વામી તેમને શિક્ષાનાં વચનો કહેતા.

૩. ''શું અક્ષરનો મહિમા સમજાય તો જ આપનો મહિમા સમજાય ?'' (૪/૧૨)
➯ વશરામ ભક્ત - મહારાજને
➯ મૂળજી ભક્તને ત્યાં મહારાજ જમવા ગયા ત્યારે મહારાજે અક્ષરના મહિમાની અને મૂળજીની ઓળખ આપતાં કહ્યું : 'મારા અંગભૂત આ મૂળજી ભક્તનો મહિમા જ્યારે તમને સમજાશે ત્યારે જ તમે મારો મહિમા સમજી શકશો.' ત્યારે કહે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ :૯)**

**૧. મૂળજી ભક્ત પહેરેલાં કપડે ચાલી નીકળ્યા. (૫/૧૪-૧૫)** સંવત ૧૮૮૬ના કારતક સુદ પૂનમના દિવસે મૂળજી ભક્ત પોતાના ખેતરમાં શેરડીના વાઢમાં પાણી વાળતા હતા. સંસારત્યાગ માટે મહારાજની આજ્ઞા ક્યારે મળશે તેનો વિચાર કરી રહ્યા હતા. ત્યાં અચાનક શ્રીજીમહારાજે અંતરીક્ષમાં પ્રત્યક્ષ દર્શન દીધાં. મહારાજે પીળું પીતાંબર પહેર્યું હતું. માથે દક્ષિણી પાઘ મૂકી હતી. મહારાજે મૂળજી ભક્તને કહ્યું : 'આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? આ જગતમાં બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે, હવે ચાલી નીકળો.' ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, ત્યાં ને ત્યાં જ સઘળું કામ પડતું મૂકી, ઘેર પણ ન જતાં, પહેરેલાં કપડે મૂળજી ભક્ત સીધા ગઢડાને રસ્તે મહારાજને મળવા ચાલી નીકળ્યા. મહારાજ પાસે આવી દીક્ષા ગ્રહણ કરી, સેવામાં રહેવા દેવાની યાચના કરી.

**૨. માવજીભાઈનું દારિદ્ર ટળી ગયું. (૪૦/૬૬-૬૭)** આર્થિક રીતે ખૂબ દુર્બળ માવજીભાઈએ સ્વામીશ્રી પાસે આવીને પ્રાર્થના કરી. સ્વામીએ તેમને બજારમાંથી દાળિયા અને મમરા લાવી આપવાનું કહ્યું. મંદિર બહાર તેમનો મુસલમાન મિત્ર મુસાભાઈ મળી ગયો. તેણે પણ માવજીને એક આનો આપી પ્રસાદી લાવી આપવા કહ્યું. માવાભાઈ તો બજારમાંથી બે આનાના દાળિયા-મમરા લઈ આવ્યા અને સ્વામી આગળ મૂક્યા. સ્વામીએ ઠાકોરજીને ધરાવી બે દાણા જમીને કહ્યું, 'કરાંચી જઈને કોન્ટ્રાક્ટનો ધંધો કરો.' મુસાભાઈનો પણ ભાગ રાખવાનું કહ્યું. માવાભાઈને કરાંચી પહોંચતા સ્વામીની દયાથી બંદરનું મોટું કામ મળતાં ખૂબ કમાયા અને સ્વામીશ્રીના આશીર્વાદથી માવા-મુસાની કંપની જામી ગઈ. આમ, સ્વામીના આશીર્વાદથી માવજીભાઈનું દારિદ્રય ટળી ગયું.

**૩. પીતાંબરદાસને બ્રહ્મસ્થિતિનો અનુભવ થયો. (૪૭/૭૬-૭૭)** મૂળ અમદાવાદના પણ સુરતમાં કલેકટરની ઑફિસમાં પીતાંબરદાસ નોકરી કરતા હતા. તેઓ સ્વભાવે રંગીલા અને રજોગુણી હતા. સ્વામીની વાતો સાંભળીને તેમને નિર્વાસનિક બની બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરવાની ઈચ્છા બળવાન થવાથી સ્વામીને વાત કરી. સ્વામીએ તેઓને કહ્યું, 'તમારો આ વેશ્યાના જેવો વેશ છે અને રજોગુણની મૂર્તિ છો, તે મારો સમાગમ કેવી રીતે કરશો ? પણ બહુ વિનંતીને અંતે તેઓને જૂનાગઢ આવવાનું સ્વામીએ કહ્યું. તેઓ નોકરી છોડી જૂનાગઢ ગયા. સ્વામીના મુખે વચનામૃતની અદ્‌ભૂત વાતો સાંભળી. વળી સ્વામીના હેતે

પીતાંબરદાસની વૃત્તિ સ્વામીમાં ચોંટી જવાથી તેઓમાં પરિવર્તન થવા લાગ્યું. સ્વામીએ તેમને બ્રહ્મસ્થિતિનો અનુભવ કરાવ્યો. સ્વામીના ધામમાં ગયા પછી તેઓ અમદાવાદ મંદિરમાં ગુણાતીતજ્ઞાનની સુંદર વાતો કરતા. તેથી પ્રસન્ન થઈ અયોધ્યાપ્રસાદજી મહારાજે તેમને દીક્ષા આપી સાધુ બનાવ્યા. તેઓ વિજ્ઞાનદાસજી તરીકે ઓળખાતા.

૪. **કેટલાક વેદાંતીઓ સ્વામીના શિષ્ય થઈ ગયા. (૧૮/૩૩-૩૫)** સ્વામી મહેમદાવાદ પધાર્યા. ત્યાં શુષ્ક વેદાંતીઓ સ્વામીને માત કરવાના આશયથી મંદિરમાં આવ્યા. ત્યારે સ્વામી તેઓને સાચા બ્રહ્મની ઓળખ આપતા શુકજી અને વ્યાસજીની વાત કરતાં કહે છે તેઓ વૃક્ષમાં રહીને બોલ્યા હતા. તમે બ્રહ્મ હોવ તો આ થાંભલામાં રહીને મને જવાબ આપો. બ્રહ્મસ્થિતિ પામનારને કહેવું પડતું નથી કે હું બ્રહ્મ છું. જગત એની મેળે જાણે છે. આમ કહી સ્વામીએ પોતાના શરીરમાંથી એટલો બધો પ્રકાશ પ્રગટ કર્યો કે ત્યાં બેઠેલા શુષ્ક જ્ઞાનીઓ અંજાઈ ગયા. સ્વામી બેઠા હતા તે મકાન ચૈતન્ય થઈ હલવા લાગ્યું. જો તમે બ્રહ્મ હો તો આ તેજ સમાવી દ્યો. પછી સ્વામીએ જ તેજ સમાવી દીધું. આવો સ્વામીનો પ્રતાપ જોઈ વેદાંતીઓ સ્વામીના શિષ્ય થયા.

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **રંકમાંથી રાય (૩૭/૬૩-૬૪)** શિયાળાની એક સાંજે સ્વામી, શ્રીજીમહારાજના પ્રસાદીના નારાયણ ઘરે સંત-હરિભક્તો સાથે સ્નાન કરીને પાછા ફરતા હતા. ઠંડીનો ચમકારો હોવાથી સ્વામીને ખૂબ ઠંડી લાગી. તેથી તેમને તાપવાની ઇચ્છા થઈ. થોડે દૂર રસ્તા પર મુસલમાન કઠિયારો તેની મા સાથે લાકડાની ભારી બાંધીને બેઠા હતા. ભગતે સ્વામીને ટાઢ ચડી હોવાથી તાપવા માટે લાકડાની માંગણી ત્યારે બાઈએ ઓલિયા જેવા ફકીર માટે આખી ભારી દીકરા પાસેથી અને પોતાનામાંથી બે ઈંધણાં આપ્યાં. ફકીરની દુઆ મેળવવાની ઇચ્છા રાખી. સ્વામી રાજી થઈને બોલ્યા 'હવે તેને લાકડાં, કાપવા નહિ પડે.' સ્વામી મંદિરે પરત આવ્યા. આ કઠિયારો બાઉદીન તેની બહેન સાથે બજારમાં ગયો ત્યારે નવાબની સવારી નીકળે છે. તેની બહેનનું રૂપ જોઈ નવાબને તેની સાથે નિકાહ પઢવાની ઇચ્છા થઈ તેથી દરબારમાં બોલાવી તેને વાત કરી. માની સંમતિથી બાઉદીને નવાબ સાથે બહેનને પરણાવી. બાઉદીન નવાબના ખાનગી કારભારી અને દીવાન બન્યા. સ્વામીના આશીર્વાદથી જ પોતાની ઉન્નતિ થઈ છે. તેનો હંમેશા ખ્યાલ રાખી તે મંદિરે દર્શને આવતા, રસોઈ આપતા અને સંતોની સેવા કરતા.

૨. **આજ્ઞાધારક (૯/૨૩-૨૪)** એક વખત મુક્તાનંદ સ્વામી સુરતમાં સભા ભરીને બેઠા હતા, ત્યારે એક હરિભક્તે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, મહારાજ અત્યારે ક્યાં બિરાજતા હશે ? કારણ કે મહારાજ માટે તાજા વાંસ, આદુ અને તીખાંનું અથાણું મોકલવાની મારે ઇચ્છા છે. આથી મુક્તાનંદ સ્વામીએ કહ્યું હમણાં તો મહારાજના કાંઈ સમાચાર નથી. પણ ગઢડે હશે. મારે પણ 'સતીગીતા' નામનું પુસ્તક પ્રસાદીનું કરવા મોકલવું છે. મુક્તાનંદ સ્વામીની ઈચ્છાથી ગુણાતીતાનંદ સ્વામી તરત જવા તૈયાર થયા. સાથે જોડમાં ગોદડિયા સંત શાંતાનંદ પરાણે જવા તૈયાર થયા. તે કહે 'તમે કહેશો તો પણ જઈશ અને ના કહેશો તો પણ જઈશ.' અથાણાંની ત્રણ બરણીઓ, 'સતીગીતા'નું પુસ્તક, એક સુંદર સાદડી અને બરફીની માટલી લઈ સ્વામી જવા તૈયાર થયા. સુરતના પ્રેમી હરિભક્તોએ પોતાના વતી મહારાજને ભેટવાની ભલામણ કરી. મહારાજને સંભારતા રાત દિવસ ચાલતા ચોથે દિવસે ગઢડે પહોંચ્યા. સ્વામી ઘેલાને કાંઠે ઉતર્યા. દુકાળ હોવાથી મહારાજ છાના રહેતા. કોઈને મળતા નહિ. તપાસ કરતાં નાજા જોગિયાએ ખબર આપી કે મહારાજ કારિયાણી પધારવાના છે. તમે ત્યાં પહોંચો સ્વામીએ કારિયાણી આવી મહારાજને સંદેશો મોકલ્યો. ગુણાતીતાનંદ સ્વામીનું નામ સાંભળતા જ મહારાજે તેમને હેતથી બોલાવ્યા. તે વખતે મહારાજ જમવાની તૈયારી કરતા હતા. ત્યારે સ્વામીએ બરફી ને અથાણું મહારાજને ધર્યાં. મહારાજે પ્રેમથી જમી સ્વામીને પ્રસાદી આપી. સ્વામી તો અનિમેષ દૃષ્ટિએ મહારાજની મૂર્તિનું સુખ લેતા થાકને ક્યાંય વિસરી ગયા. સુરતના હરિભક્તોનો સંદેશો આપ્યો એટલે મહારાજ ઢોલિયા ઉપરથી ઊઠીને સ્વામીને બાથમાં લઈને મળ્યા. સ્વામી હરિભક્તોનાં નામ લેતા લેતા મહારાજને મળ્યા. આમ બાવીસ વાર ભેટ્યા. મહારાજ ને બહુ શ્રમ ના પડે તેથી સ્વામીએ નામ સંભારવાનું બંધ કર્યું. સાથે આવેલા શાંતાનંદ મહારાજને મળવા નજીક આવ્યા ત્યારે મહારાજે કહ્યું 'તમે પરાણે આવ્યા છો તેથી નહિ ભેટીએ.' સ્વામીએ ભલામણ કરી, 'મારી સાથે બરણી ઉપાડી સેવા કરી છે માટે ભેટો તો સારું,' ત્યારે સ્વામીની ઇચ્છાથી મહારાજ ભેટ્યા ખરા પણ બોલ્યા કે, 'સ્વામીને બાવીસ વખત મળતા કઠણ ન પડ્યું તેટલું એકવાર મળતાં કઠણ પડે છે. કારણ કે આજ્ઞા વગર આવ્યા છો.' એમ કહી આજ્ઞાપાલનનો મહિમા સમજાવ્યો.

૩. **બજારના કાંટા (૩૬/૬૨-૬૩)** એક વખત સ્વામી વાડીએ પધાર્યા હતા. વસોના વાઘજીભાઈ, સારંગપુરના જેઠા ખાચર, લોધિકાના દરબાર અભયસિંહ વગેરે હરિભક્તો સ્વામીનાં દર્શન કરવા આવ્યા અને દંડવત્ કરવા લાગ્યા. તે વખતે કોઈએ કહ્યું : ''રહેવા દો કાંટા વાગશે.'' ત્યારે સ્વામી બોલ્યા : ''આ કાંટા કદાચ વાગશે તો સોય અથવા નેરણીએ કરીને કઢાશે પણ ઓલ્યા બજારના કાંટા બહુ ભૂંડા ! એ જો વાગે તો એને કાઢવાનો કોઈ ઉપાય જ નથી.'' ત્યારે એક હરિભક્તે પૂછ્યું : ''બજારમાં કાંટા ક્યાંથી હોય ?'' ત્યારે સ્વામીએ હસીને કહ્યું: ''તને એ બજારના કાંટાની ખબર ન પડે. એ બજારમાં તો રૂપનો કાંટો આંખમાં, ગાનતાનનો કાંટો કાનમાં, પાપી જીવના સ્પર્શનો કાંટો ત્વચામાં, પાપી જીવની ગંધનો કાંટો નાકમાં, સ્વાદનો કાંટો જીભમાં, સંકલ્પ-વિકલ્પનો કાંટો મનમાં, નાના પ્રકારના ટીખળ પેસી ગયાં હોય તેના ચિંતવનના કાંટા ચિત્તમાં તે ટીખળના પદાર્થોના નિશ્ચયરૂપ કાંટા બુદ્ધિમાં એમ અનેક પ્રકારના કાંટા છે.'' તે કાઢ્યા નીસરે નહિ ને એમને એમ ખટક્યા કરે. એમાં પણ જો બહુ ઝેરી કાંટા હોય તો માણસ મરી જાય. માટે એ કાંટા જાળવવા માટે નિયમમાં રહી, ખરેખરા જે ભગવદી તેનો નિરંતર જોગ રાખશો, તો આ લોકના કાંટા વાગશે નહિ.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? (૧/૨) (સંવત, માસ, તિથિ)

જ. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ભાદરામાં સંવત ૧૮૪૧ના આસો સુદ પૂનમે (શરદ પૂનમે) થયો હતો.

૨. જૂના સાવર ગામમાં ગુણાતીતાનંદ સ્વામી અને સંતોએ કયો શુભ સંકલ્પ કર્યો ? (૧૩/૨૯)

જ. જૂના સાવર ગામમાં ગુણાતીતાનંદ સ્વામી અને સંતોએ શુભ સંકલ્પ કર્યો 'દરબારને દીકરો થાય ને તે સત્સંગી થઈને આપણને દરબારમાં ઉતારે.'

૩. જૂનાગઢમાં રાધારમણદેવની પ્રતિષ્ઠા બાદ સભામાં શ્રીજીમહારાજે સંતો-ભક્તોને કઈ આજ્ઞા કરી ? (૨૫/૪૪)

જ. વર્ષોવર્ષ એક માસ સ્વામીનો સમાગમ કરવા જે આવશે તેની કરોડ જન્મની કસર હું એક જન્મમાં ટાળી નાખીશ.

૪. કયું વચનામૃત સાંભળીને શુકમુનિ એવું બોલ્યા, ''આ વચનામૃત યથાર્થ તો આજે સમજાયું.'' (૩૨/૫૬)

જ. ગ.મ.૯મું વચનામૃત સાંભળીને શુકમુનિ એવું બોલ્યા, ''આ વચનામૃત યથાર્થ તો આજે સમજાયું.''

૫. ગુણાતીતાનંદ સ્વામીને શું જમતાં જોઈ નાગર બ્રાહ્મણનો રસાસ્વાદ ટળી ગયો ? (૩૮/૬૪)

જ. ગુણાતીતાનંદ સ્વામીને રોટલાના ખુરમા અને છાશ જમતાં જોઈ નાગર બ્રાહ્મણનો રસાસ્વાદ ટળી ગયો.

૬. ગોપાળાનંદ સ્વામીએ સ્વામીને કેવા વૈદ્ય કહ્યા ? (૩૦/૫૨)

જ. ગોપાળાનંદ સ્વામીએ સ્વામીને ધન્વંતર વૈદ્ય કહ્યા.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :-(૧) આ જ ભાવાર્થ હોવો જરૂરી નથી. પરીક્ષકે વિષયને અનુરૂપ ભાવાર્થ છે કે નહીં તે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ. (૨) જે પ્રસંગમાં એકથી વધારે પ્રસંગ આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ કોઈ પણ એક પ્રસંગ લખ્યો હોય તો પણ પૂરા ગુણ આપવા.**

**૧. વિરક્તિ (૧૭/૩૨-૩૩)** મહારાજ સંઘ સાથે ધરમપુર જતાં રસ્તામાં સુરત ગામે દેવાનંદ સ્વામી અચાનક બિમાર - તેમની સેવામાં કોણ રોકાય ? તેથી મહારાજની આજ્ઞાથી ગુણાતીતાનંદ સ્વામી રોકાઈ ગયા. સ્વામીને સેવાનું અંગ - પ્રેમથી દેવાનંદ સ્વામીની સેવા - દેવાનંદ સ્વામી બિલકુલ સાજા થઈ ગયા. રાજી થઈને મહારાજની પ્રસાદીની ડગલી આપવાની તેમજ પોતાની ગાનવિદ્યા શીખવવાની મરજી બતાવી. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી નમ્રતાથી કહે, પ્રસાદીની ડગલી મારાથી સચવાય નહિ - આપની પાસે રહે તે સારું. વળી, સવારમાં મહારાજનું ધ્યાન મૂકી ગાનવિદ્યાના સૂરો છેડવાનું મને ન ફાવે. આમ સ્વામીએ વિનયપૂર્વક ના પાડી - પોતે મહારાજની આજ્ઞા પાળી રાજી કરવા માટે જ સેવા કરી હતી.

**ભાવાર્થ :** કોઈપણ વ્યક્તિની સેવા નિસ્વાર્થભાવે કરવી જોઈએ. વચનામૃત ગ.પ્ર.૧૦માં કૃતઘ્ની સેવકરામના દૃષ્ટાંતે કોઈપણ પ્રકારની અપેક્ષા વગર સેવાની રીત સમજાવી છે. તે જ આ પ્રસંગે આપણને સ્વામીમાં જોવા મળે છે.

**૨. 'આ અમારા તિલક' (૧૪/૨૯-૩૦)** પંચાળામાં એક વખત સભામાં મહારાજે સૌ સંતોને અહીંની ચંદન જેવી પીળી માટીના ખડા આપ્યા અને સંતોને તિલક કરવા આજ્ઞા કરી. બીજે દિવસે સવારે મહારાજે જોયું તો કોઈ સંતોના કપાળમાં તિલક નહોતા મહારાજે આનું કારણ પુછયું ત્યારે સંતોએ કહ્યું કે તિલક શાનાથી કરવું ? કારણ કે આગલા દિવસે આપેલા માટીના ખડા સૌ મહારાજની પ્રસાદી જાણીને ખાઈ ગયા હતા. તેથી સૌ ભોંઠા પડી ગયા. મહારાજે ફરીથી સૌને ખડા અપાવ્યા. બીજે દિવસે સૌ ભેંસભડકામણા તિલક કરીને આવ્યા. આ જોઈ મહારાજ ખૂબ હસ્યા. પછી પોતાના તિલક સમાન પ્યારા સંતની સૌને ઓળખાણ કરાવવા મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં પોતાના શુભહસ્તે સુંદર મજાનું તિલક અને તેની મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. પછી સ્વામીને બતાવતાં સૌ સંતોને સંબોધીને કહ્યું : 'જુઓ, અમારા તિલક.' વળી, આગળ વધુ સ્પષ્ટતા કરતાં મહારાજ બોલ્યા : 'હું જેવો કોઈ ભગવાન નથી, આ જેવા કોઈ સાધુ નથી.'

**ભાવાર્થ:-** આમ મહારાજે પોતાના પુરુષોત્તમ સ્વરુપની અદ્વિતીયતા અને સ્વામીના અક્ષર સ્વરૂપની વિશિષ્ટતા કહેતા અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમનારાયણ એક જ અને અદ્વિતીય છે તે પ્રતિપાદન કર્યું. જેને મહિમા હતો તેવા સંતો જ મહારાજના આ સૈદ્ધાંતિક શબ્દોનું રહસ્ય સમજી શકયા.

**૩. દર્શનનો ખપ (૭/૧૯-૨૦)** સંવત ૧૮૬૮ની કૃષ્ણપક્ષની રાત્રિએ ઝરમર ઝરમર વરસાદ વીજળીના ઝબકારા અને મેઘના કડાકા સાથે વરસતો હતો. સૌ સંતો મહારાજનાં પ્રત્યક્ષ દર્શન અને સમાગમનું સુખ લઈ પોતપોતાના આસને પાછા ફર્યા હતા. એ વખતે ગુણાતીતાનંદ સ્વામી એક ઓરડાની ભીંતે જરા ઓથ હતી ત્યાં વરસાદથી કંઈક બચતા મહારાજનાં દર્શનની અભિલાષાએ ચકોરની માફક, નેવા નીચે અર્ધભીંજાતા ઊભા હતા. એવામાં મુક્તાનંદ સ્વામી કંઈક કારણસર ઓરડા બહાર આવ્યા ને ત્યાં કોઈકને ઊભેલા જોઈ 'કોણ છે ?' એવું પૂછ્યું, સ્વામીએ નમ્રભાવે ધીરેથી જવાબ આપ્યો કે, 'હું નિર્ગુણાનંદ, મહારાજ દરબારગઢમાં વાતો કરવા ગયા છે.' તે પાછા પધારે ત્યારે દર્શનની ઝાંખી થઈ જાય તે આશયથી અહીં ઊભો છું.'

મહારાજનાં દર્શનની આવી તેમની તીવ્ર આસક્તિ જોઈ મુક્તાનંદ સ્વામી વિસ્મય પામી વિચારવા લાગ્યા કે, નથી દેહની દરકાર કે નિદ્રાની પણ જરૂર નથી ! મહારાજની મૂર્તિને અખંડ અંતરમાં દેખે છે તો પણ પ્રત્યક્ષ દર્શનની કેટલી તાણ છે? સ્વામી મોડી રાત સુધી અર્ધભીંજાયેલી સ્થિતિમાં શીતળ પવનથી ધ્રૂજતાં ઊભા રહ્યા. મહારાજ દરબારમાંથી ભગવદ્વાર્તા કરીને પાછા ફરતા હતા ત્યારે વીજળીના પ્રકાશમાં મહારાજનાં દર્શનની ઝાંખી કરી લઈ સ્વામી ગામ બહાર ઘેલાને કાંઠે ઝાડ નીચે જઈને સૂતા. પોતે મહારાજને અખંડ ધારી રહ્યા હોવા છતાં તેમને દર્શનની કેટલી તાણ હતી કે તેઓ દેહનો અનાદર કરતા. અહીં તેમની મહારાજ પ્રત્યેની પરાભક્તિના દર્શન થાય છે.

**ભાવાર્થઃ-** સાધન કરતાં કરતાં અખંડ અતંરમાં મૂર્તિ દેખાય છતાં ભગવાનનું જે પ્રત્યક્ષ સ્વરૂપ હોય તેના દર્શનની પણ તેટલી જ તાણ રાખવી જોઈએ.

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૪ (૨૦/૩૬-૩૭)     ૨. ૨, ૩ (૧૦/૨૫)     ૩. ૨, ૩, ૪ (૪૮/૭૭)     ૪. ૨ (૪૨/૬૮-૬૯)

❑ ❑ ❑